

શ્રી ઉમિયા માતાય નમઃ



શ્રી ગણેશાય નમઃ

સ્થાપના વર્ષ: 1983

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા

website: mota52kpvadodara.org

:: આમંત્રણ ::

શ્રીમાન _____

આપને જણાવતા આનંદ થાય છે કે આપણા **"શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા"** ની **"42 મી વાર્ષિક સાધારણ સભા"** નું આયોજન **તા. 20 ડિસેમ્બર 2026** (રવિવાર) ના રોજ નીચેના કાર્યક્રમ મુજબ કરવામાં આવેલ છે. આથી આપશ્રી ને સહકુટુંબ હાજર રહેવા આમંત્રણ છે.

<table>
<tr><td rowspan="4">:: સમય ::
20 ડિસેમ્બર 2026 (રવિવાર)
સવારે 8:30 થી કાર્યક્રમની સમાપ્તિ સુધી

:: સ્થળ ::
શાંતનુ પાર્ટી પ્લોટ,
છાણી ગુરુદ્વારા ની સામે, છાણી, વડોદરા

લોકેશન માટે QR Code સ્કેન કરો
https://maps.app.goo.gl/6pECCGfNT1v26xQSA</td><td>:: ચા ::
સવારે 8:30 થી 9:30</td><td>:: રમત-ગમત ::
સવારે 9:30 થી 11:30</td></tr>
<tr><td colspan="2">:: વાર્ષિક સાધારણ સભા ::
બપોરે 1:30 થી કાર્યક્રમની સમાપ્તિ સુધી</td></tr>
<tr><td>:: બપોરનું ભોજન ::
બપોરે 12:00 થી 1:30</td><td>:: રાત્રી ભોજન ::
સાંજે 6:30 થી 8:30</td></tr>
</table>

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા વતી

અધ્યક્ષશ્રી,
શ્રી. શૈલેષભાઇ કે. પટેલ
(ગણેશપુરા-પુદગામ)

પ્રમુખશ્રી,
શ્રી. જયેશભાઇ કે. પટેલ
(હાજીપુર)

મંત્રીશ્રી,
શ્રી. ભરતભાઈ પી. પટેલ
(ગાગલાસણ)

:: દાતાશ્રી ::

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા સર્વે દાતાશ્રી નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

:: ભોજનના દાતા શ્રી ::

વડોદરા સ્થિત

મોટા બાવન કડવા પાટીદાર સમાજ ના સમસ્ત

કંસારાકુઈ ગામના સર્વે પરિવારો

:: શૈક્ષણિક ઇનામના દાતા શ્રી ::



શ્રી. ડૉ. રાકેશભાઈ બી. પટેલ

(ગણેશપુરા - પુદગામ)

:: આજીવન દાતાશ્રી ::

:: કેશવ પારિતોષિક ::



કુમારી સોનલબેન કેશવલાલ પટેલ

ડૉ. અભય શૈલેષભાઇ પટેલ

ડૉ. યશ શૈલેષભાઇ પટેલ

ડૉ. ઓમ સમીરભાઈ પટેલ

(ગણેશપુરા-પુદગામ)

:: ભોજન પાસ ::

- સમાજ ના દરેક સભ્ય ને સહર્ષ જણાવવાનું કે “42 મી વાર્ષિક સાધારણ સભા” માટે ભોજન પાસ ના ટોકન પેટે વ્યક્તિદીઠ 100/- રૂપિયા રાખવામાં આવેલ છે જેથી સૌએ નજીકના કારોબારી સભ્યો પાસેથી <u>તા. 15 ડિસેમ્બર 2026 સુધીમાં વ્યક્તિદીઠ 100/- રૂપિયા આપીને ભોજન પાસ મેળવી લેવા વિનંતી.</u>
- તા. 15 ડિસેમ્બર 2026 બાદ ભોજન પાસ લેવા આવશે તો તેમના ભોજનપાસ ના ટોકન પેટે વ્યક્તિદીઠ 150/- રૂપિયા લેવામાં આવશે. તેના માટે પ્રમુખશ્રી/મંત્રીશ્રી નો સંપર્ક કરવાનો રહેશે.

- આપ સૌની અનુકૂળતા રહે તે માટે નિર્ણય કરેલ છે કે અનિવાર્ય સંજોગો માં “42 મી વાર્ષિક સાધારણ સભા” માટે ન આવી શકાય તો લીધેલા ભોજન પાસ તા. 15 ડિસેમ્બર 2026 સુધીમાં પરત કરી પુરા રૂપિયા પરત મેળવી શકાશે.

:: શૈક્ષણિક ઇનામ ::

તમામ સભાસદશ્રી ને જણાવવાનું કે વર્ષ 2025-2026 માં નીચે પ્રમાણે પાસ થનાર વિધાર્થી/વિધાર્થીની એ માર્કશીટની કોપી આપવી જરૂરી છે.

:: શૈક્ષણિક ઇનામ માટે ની લાયકાત ::	:: કેશવ પારિતોષિક માટે ની લાયકાત ::
• **ધોરણ 1 થી 9:** 75% અથવા તેનાથી વધારે • **ધોરણ 10:** 70% અથવા તેનાથી વધારે • **ધોરણ 12:** 60% અથવા તેનાથી વધારે • **ડિપ્લોમા/ડિગ્રી/માસ્ટર ડિગ્રી અથવા તેનાથી ઉપર:** પ્રથમ પ્રયાસે પાસ થયેલા તમામ ને.	• **MBBS** ની ડિગ્રી મેળવી હોય. • **MBBS પછી માસ્ટર ડિગ્રી** મેળવી હોય. • **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)** ની ડિગ્રી મેળવી હોય. • **IIT/IIM માંથી ડિગ્રી/માસ્ટર ડિગ્રી** મેળવી હોય. • **GPSC/UPSC** પરીક્ષા પાસ કરી અને સરકારી સેવામાં જોડાયા હોય. • **કૉમર્શિઅલ પાયલોટ લાઇસન્સ (CPL - Aeronautics)** મેળવેલ હોય. • **રાજ્ય ક્ષેત્રે** ગોલ્ડ મેળવ્યો હોય / **રાષ્ટ્રીય ક્ષેત્રે** ભાગ લીધો હોય.

વિધાર્થી/વિધાર્થીની/વાલીએ માર્કશીટ તારીખ 28 નવેમ્બર 2026 (શનિવાર) સુધીમાં ગૂગલ લિંકથી અપલોડ કરવાની અથવા મંત્રી શ્રી. ભરતભાઈ પી. પટેલ (ગાગલાસણ) / સહમંત્રી શ્રી. જયેશભાઇ જી. પટેલ (હાજીપુર) સુધી WhatsAPP દ્વારા પહોંચતી કરવાની રહેશે. તારીખ 28 નવેમ્બર 2026 (શનિવાર) પછી મળેલી માર્કશીટ માન્ય રાખવામાં આવશે નહિ.

- **ગૂગલ લિંક:** https://forms.gle/m99aLXoQ4FwqFsmA6

:: સામાજિક, આરોગ્ય તથા શૈક્ષણિક વિષય પર બોલવા અંગે ::

- સભાસદશ્રી ને ખાસ જણાવવાનું કે “42 મી વાર્ષિક સાધારણ સભા” માં સામાજિક, આરોગ્ય તથા શૈક્ષણિક વિષય પર સામાજીક તથા શિસ્ત ને ધ્યાન માં રાખીને પોતાના વિચારો રજુ કરવા માંગતા સર્વે સભ્યો, ધોરણ-1 માં ભણતા કે તેથી મોટી ઉંમર ના બાળકો, મહિલાઓ, યુવા-યુવતીઓ ને મંત્રી શ્રી. ભરતભાઇ પી. પટેલ (ગાગલાસણ) નો તારીખ 10 ડિસેમ્બર 2026 સુધીમાં સંપર્ક કરી નામ તથા જે વિષય ઉપર વક્તવ્ય આપવાનું છે તેની જાણ ફરજીયાત કરવાની રહેશે.

- સર્વે ભાગ લેનારે પોત પોતાની રીતે તૈયારી કરીને આવવાનું રહશે.
- એક વ્યક્તિ મહત્તમ 5 મિનિટ બોલી શકશે.

:: નવીન સભાસદ બનવા માટે ::

જે સભ્યો વડોદરામાં સ્થાયી થયા હોય તથા શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા ના કાયમી સભ્ય ના હોય તો મિનિમમ 1100/- રૂપિયા આપી સભ્ય બની શકાશે.

:: લોન તેમજ વ્યાજ અંગે ::

- જે સભાસદશ્રી એ સને 2026 ના વર્ષમાં લોન લીધેલી છે તેઓને લોન ની રકમ તેમજ વ્યાજ મંત્રી શ્રી/ ખજાનચી શ્રી ના ઘરે તારીખ 15 ડિસેમ્બર 2026 સુધીમાં અચૂક જમા કરાવી દેવા વિનંતી છે.
- આપ શ્રી એ લીધેલી લોન રૂપિયા _____ તથા વ્યાજ ના રૂપિયા _____ મળીને કુલ રૂપિયા _____ તારીખ 15 ડિસેમ્બર 2026 સુધીમાં મંત્રી શ્રી/ખજાનચી શ્રી ના ઘરે પહોંચતા કરવા વિનંતી છે.
- જે સભાસદશ્રી ને સને 2027 ના વર્ષમાં લોન લેવાની ઈચ્છા હોય તો મંત્રી શ્રી/ખજાનચી શ્રીનો રૂબરૂ અથવા ફોન દ્વારા સંપર્ક કરવો.

:: ખાસ નોંધ ::

- આ વખતે આપણા વડીલ મિત્રોની ઓળખાણ નો ઉપયોગ કરી ત્રણ લાખ રૂપિયા ભાડું હોય તે પ્રકારનો પાર્ટી પ્લોટ આપણને સસ્તા ભાડે મળેલ છે. ડિસેમ્બર/જાન્યુઆરી મહિનામાં લગ્ન સીઝન હોવાથી પાર્ટી પ્લોટ અને હૉલ ને અવનવી રીતે શણગારેલ હશે, ફોટો પાડવાની કોઈ પાબંધી નથી પણ આપણે આપણા સંસ્કાર અને સ્વૈચ્છિક અનુશાસન ને ધ્યાન માં રાખી પાર્ટી પ્લોટ ને કોઈ નુકશાન ના થાય તે યાદ રાખીશું. આપણા બાળકો ને આ વાતથી વાકેફ કરવા વિનંતી.

- **આખા પાર્ટી પ્લોટમાં CCTV કેમેરા લાગેલા છે.** જો કોઈ બાળક કોઈ નુકશાન કરશે તો તેના વાલી પાસેથી ખર્ચ લેવામાં આવશે. આપણા વડીલો ની શરમથી ખેદ વ્યક્ત ના કરવો પડે તે વાતનું ધ્યાન રાખીશું.

સાથ અને સહકાર ની અપેક્ષા સાથે,

શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા વતી

અધ્યક્ષશ્રી,	પ્રમુખશ્રી,	મંત્રીશ્રી,
શ્રી. શૈલેષભાઇ કે. પટેલ	**શ્રી. જયેશભાઇ કે. પટેલ**	**શ્રી. ભરતભાઈ પી. પટેલ**
(ગણેશપુરા-પુદગામ)	(હાજીપુર)	(ગાગલાસણ)

:: વર્ષ 2025-2026 ની કારોબારી કમિટી ::

અધ્યક્ષ
શૈલેષભાઇ કેશવલાલ પટેલ, ગણેશપુરા-પુદગામ

પ્રમુખ
જયેશભાઇ કાશીરામભાઇ પટેલ, હાજીપુર

મંત્રી
ભરતભાઈ પ્રભુદાસ પટેલ, ગાગલાસણ

ઉપપ્રમુખ
પ્રવીણભાઈ ગંગારામદાસ પટેલ, હસનપુર

સહમંત્રી
જયેશભાઇ ગોપાળભાઈ પટેલ, હાજીપુર

ખજાનચી
જયદીપભાઇ ઈશ્વરભાઇ પટેલ, રાલીસણા

આઈટી સેલ કન્વીનર
સ્મિત પ્રવીણભાઈ પટેલ, દાસજ

કારોબારી સભ્યો

- બિપીનભાઈ મણિલાલ પટેલ, ખટાસણા
- દીપકભાઈ અંબાલાલ પટેલ, રાજગઢ
- ભાવેશભાઈ મણિલાલ પટેલ, હાજીપુર
- જયેશભાઇ શંકરલાલ પટેલ, સેવાલિયા
- પાર્થિવભાઈ ભુપેન્દ્રભાઈ પટેલ, મલેકપુર
- મનોજભાઈ કીર્તિભાઇ પટેલ, કંસારાકુઇ

સલાહકાર સભ્યો

- પોપટલાલ વિઠ્ઠલદાસ પટેલ, હાજીપુર
- અશ્વિનભાઈ મફતલાલ પટેલ, ટુંડાવ